

# પ્રદૂષણ નિવારો ઘરે

## સ્ટોર્મવોટર પ્રદૂષણ

સ્ટોર્મવૉટર રનઓફ એટલે વરસાદ અને પીગળેલા હિમ એટલેકે સ્નોનું જળ જે પાકા કરેલા પાર્કિંગ લોટ અને ડ્રાઇવવે જેવી કઠણ સપાટીઓ પરથી પ્રવાહિત થઈને બ્રૅમ્પટનની સ્ટોર્મવૉટર ડ્રેનેજ સિસ્ટમમાં જતું હોય જે સ્થાનિક નદીઓ અને ખાડીઓમાં ઠાલવવામાં આવે છે.

સ્ટોર્મવૉટર રનઓફને કારણે પ્રદૂષણ થઈ શકે છે જ્યારે તે પર્યાવરણમાં પાછા જતા માર્ગમાં ઓઇલ, પેસ્ટિસાઇડ્સ, હેવી મેટલ્સ, રસાયણો, રોડ સોલ્ટ અને બીજા પદાર્થો લેતું જાય.

**તમે ઘરમાં પ્રદૂષકોને સ્ટૉર્મવૉટરની સિસ્ટમથી દૂર રાખીને સ્ટૉર્મવૉટરના પ્રદૂષણને રોકવામાં મદદરૂપ થઈ શકો છો.**

## સૅનિટરી ગટર અને સ્ટૉર્મવૉટર ગટર વચ્ચેનો તફાવત શું છે?

સૅનિટેશન પ્રણાલી ટૉઇલેટ, સિંક, શાવર, લૉન્ડ્રી સવલતો અને બેઝમેન્ટ ફ્લોર ડ્રેઇન્સમાંથી આવતા પાણીને વેસ્ટવોટર ટ્રીટમેન્ટ ફેસિલીટીમાં વાળે છે જ્યાં તે લેક ઓન્ટારિયોમાં ઠલવાય ત્યાર પહેલા તેના પર પ્રક્રિયા કરવામાં આવે છે.

સ્ટૉર્મવૉટર ગટર પ્રણાલી સ્ટૉર્મવૉટર રનઓફને સ્ટૉર્મવૉટર તળાવો અથવા સ્થાનિક નદીઓ અને ખાડીમાં ઠાલવે છે જે અંતે લેક ઓન્ટારિયોમાં ઠાલવવામાં આવે છે.

આ રનઓફ અંતે સ્થાનિક નદીઓ અને ખાડીઓમાં પહોંચે છે જે લેક ઓન્ટારોમાં વહે છે.

## સ્ટોર્મવૉટર પ્રદૂષણ એટલે શું?

જ્યારે રસ્તાઓ, છતો, પાર્કિંગ લૉટ્સ અને ફૂટપાથ જેવી કઠણ સપાટીઓ પરથી પાણી વહે ત્યારે તેમાં નીચેની વસ્તુઓ ભળી જાય છે:

- પાલતુ પ્રાણીઓનો કચરો
- કચરો
- માટી, કચરો અને યાર્ડમાંથી નીકળતો કચરો
- રોડ સોલ્ટ
- ખાતરો અને કીટનાશકો
- મોટર ઑઇલ, ઇંધન અને ગ્રીસ
- પેઇન્ટ અને સોલ્વન્ટો

## સિટી ઓફ બ્રૅમ્પટન

## આયોજન, નિર્માણ અને વિકાસ સંચાલન

જો તમને આ માહિતી કોઇ અન્ય ભાષા જોઇતી હોય તો કૃપા કરીને ટેલિફોન અનુવાદ સેવાઓ માટે 3-1-1 પર કૉલ કરો.

બ્રૅમ્પટનમાં સ્ટૉર્મવૉટર પ્રદૂષણ ઘટાડવાના વધારાના માર્ગો જાણવા માટે Brampton.ca/Pollution-Prevention ની મુલાકાત લો.

SCAN ME

BRAMPTON



## ઘરમાં થતા પ્રદૂષણ નિવારણમાં મદદરૂપ થાઓ

**નીચેના પગલા લઈને આપણે બધા સ્ટોર્મવોટર પ્રદૂષણ નિવારણમાં મદદરૂપ થઈ શકીએ છીએ અને સ્થાનિક નદીઓ અને ખાડીઓને ચોખ્ખી રાખી શકીશું:**

- **તમારી મિલકતને સ્વચ્છ અને કચરા મુક્ત રાખો.**
- **તમારા પાળેલા પ્રાણીની વિષ્ટા ઉપાડી લેવી અને તેનો નિકાલ યોગ્ય રીતે કરવો**
- **રોડ સોલ્ટના ઉપયોગ વિશે સજાગ રહો. સોલ્ટ નાંખતા પહેલા સ્નો શવેલ કરો અને બરફને છોલી કાઢો.**
- **ખાતરો અને કીટનાશકોનો ઉપયોગ ઘટાડો અથવા ઉપયોગ કરવાનું ટાળો.**
- **મોટર ઑઇલ, એન્ટિફ્રીઝ, અને પેઇન્ટ જેવી ઘરગથ્થુ હાનિકારક સામગ્રીઓનો નિકાલ પીલ રિજનના સમુદાયના રિસાયક્લિંગ કેન્દ્રોમાં કરો.**
- **પૂલના પાણી ઠાલવવા અંગેના શહેરના નિયમોનું પાલન કરો.**

**ગટરમાં જશે માત્ર વરસાદી પાણી !**

### આપણા સ્થાનિક જળમાર્ગોને પ્રદૂષણથી રક્ષણ આપવા માટેના ઉકેલનો ભાગ બનો

સ્ટૉર્મ ડ્રેઇનમાં માત્ર વરસાદ અથવા પીગળેલા સ્નો નું જ પાણી દાખલ થાય તેની ખાતરી કરવાથી તમે સ્ટૉર્મવૉટર પ્રદૂષણ નિવારી શકશો.

જો તમને સ્પિલ (ઉભરાતું પાણી) જણાઇ આવે તો અહીં જણાવો:

- પીલ રિજન ઇમર્જન્સી રિસ્પોન્સ ટીમ 905-791-7800 (24-કલાક)
- ઓન્ટારિયો સ્પિલ્સ એક્શન સેંટર: 1-866-MOE-સૂચનો (663-8477) (24-કલાક, સપ્તાહના 7 દિવસ)
- સિટી ઓફ બ્રૅમ્પટન: 311 ઉપર કૉલ કરો.



## પર્યાવરણ, સમુદાય અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું રક્ષણ તે આપણા બધાની જવાબદારી છે.